# મ્યૂઝીઓલૉજિસ્ટ (સંગ્રહાલયવિદ્)

મ્યૂઝીઓલૉજી સંગ્રહાલયો તેમજ તેના વ્યવસ્થાપનનું વિજ્ઞાન અથવા વ્યવસાય છે. મ્યૂઝીઓલૉજિસ્ટ સંગ્રહાલયની સંભાળ રાખે છે, તેનું સંચાલન કરે છે, તેની ગોઠવણ કરે છે, પ્રદર્શિત કરે છે અને વિકાસ કરે છે તથા સંબંધિત સંશોધન કરે છે. મ્યૂઝિયમ ક્યુરેટર્સ સામાન્ય રીતે માનવશાસ્ત્ર, કલા, સુશોભન, કુદરતી ઈતિહાસ, સામાજિક ઈતિહાસ, વિજ્ઞાન અથવા ટેક્નોલોજી જેવા વ્યાપક વિષયમાં નિષ્ણાત હોય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ઈતિહાસ અને સંસ્કૃતિમાં ઊંડો રસ છે.
- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમને માહિતી એકત્ર કરવી અને તેનું વિશ્લેષણ કરવું ગમે છે
- તમને કલાકૃતિઓમાં રસ છે અને તમે સંશોધન કરવા માટે ઉત્સુક છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૪૦૦ થી ૨,૬૭,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. હ્યુમૅનિટિઝમાં, ઈતિહાસ વિષય સાથે ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઈતિહાસ / પ્રાચીન ભારતીય ઈતિહાસ અને પુરાતત્ત્વ અથવા તેની સમકક્ષ વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

૩. મ્યૂઝીઓલૉજીમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. પછી તે જ અથવા સંબંધિત વિષયમાં Ph.D કરો.

**અથવા**

હિમયુગ અંગેના જ્ઞાન સાથે પ્રાચીન અથવા મધ્યયુગીન ભારતીય ઈતિહાસ/ પુરાતત્ત્વશાસ્ત્ર/ માનવશાસ્ત્ર/ ભૂસ્તરશાસ્ત્રમાં અનુસ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો અને પછી મ્યૂઝીઓલૉજીમાં પી.જી. ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

મ્યૂઝીઓલૉજિસ્ટનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૫,૦૦૦ થી ૭૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્ત્રોત:https://www.merementor.com/library/museology

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સરકાર સંચાલિત/ખાનગી સંગ્રહાલયો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે સામાન્ય રીતે ઓફિસમાં રહીને કામ કરશો, પરંતુ ક્યારેક મુસાફરી કરવાનું બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈન્ટર્ન → મ્યૂઝીયોલોજિસ્ટ → વરિષ્ઠ મ્યૂઝીયોલોજિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

આર્કાઈવિસ્ટ, મ્યૂઝીયમ ડિરેક્ટર, ગેલેરી આસિસ્ટન્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ ઈતિહાસ/પુરાતત્ત્વ/મ્યૂઝીયોલોજી વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. પુરાતત્ત્વ સંસ્થાન, ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ, નવી દિલ્હી
૨. કલકત્તા યુનિવર્સિટી, કોલકાતા
૩. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા
૪. નેશનલ મ્યૂઝીયમ ઈન્સ્ટિટ્યુટ ઓફ હિસ્ટ્રી ઓફ આર્ટ કન્ઝર્વેશન એન્ડ મ્યૂઝીયોલોજી, દિલ્હી
૫. રવીન્દ્રભારતી યુનિવર્સિટી, કોલકાતા
૬. બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૭. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલીગઢ
૮. ધ સેન્ટર ફોર સ્ટડીઝ ઈન મ્યૂઝીયોલોજી, જમ્મુ યુનિવર્સિટી, જમ્મુ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**રત્ના ફાબરી** ભારતના જાણીતા સંગ્રહાલયવિદ્ હતા. તેમની સિદ્ધિઓ માટે કલા ક્ષેત્રે ૧૯૭૦માં તેમને પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો હતો. રત્ના ફાબરીએ અમેરિકા અને યુરોપના મ્યુઝિયમોનો અભ્યાસ કર્યો હતો અને મોન્ટ્રીયલ પ્રદર્શનમાં ભારતીય પેવેલિયનમાં પ્રદર્શની રજૂ કરી હતી. *

સ્રોત:https://peoplepill.com/people/ratna-fabri

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.